તે
પુસ્તકવાળી
સ્ત્રી

હિથર હેન્સન

ચિત્રો: ડેવિડ સ્મોલ

કેલ વાંચનપ્રેમી નથી . એપાલેચિયન પર્વતોમાં ખૂબ ઊંચાઈ પર રહેતો હોવાથી , તે પુસ્તકીય જ્ઞાન શીખવા કરતાં ખેડાણ કરવાનું કે ભટકતા ઘેટાં પાછળ ફરવા જવાનું પસંદ કરતો હતો. ના. કેલ પથ્થરની જેમ બેસીને ગૂંચવાડાભર્યા અક્ષરો વાંચવા માંગતો નથી. પણ તે પુસ્તકવાળી સ્ત્રી તો પણ આવતી રહે છે. તે વરસાદમાં આવે છે. તે બરફમાં આવે છે. તે પર્વતની બાજુથી આવે છે, અને કેલ જાણે છે કે તે સરળ સવારી નથી. અને તે બધું ફક્ત તેની બહેનને થોડા પુસ્તકો ઉછીના આપવા માટે. શા માટે, તે સ્ત્રી સ્પષ્ટ મૂર્ખ હોવી જોઈએ - અથવા તે તેણે ક્યારેય વિચાર્યું હતું તેના કરતાં વધુ બહાદુર છે?

ઘેટ બુક વુમન એક દુર્લભ અને ભાવનાત્મક વાર્તા છે જે અમેરિકન ઇતિહાસના એક ખાસ ભાગ - પેક હોર્સ લાઇબ્રેરિયન્સ - ને સન્માનિત કરે છે, જેમણે અસંખ્ય બાળકોને ચિકન સ્ક્રેચ (જે અક્ષરો ઉકેલી શકાતા ન હોય) વચ્ચે વાર્તાઓ જોવામાં મદદ કરી, અને આમ તેમને આજીવન

તે
પુસ્તકવાળી
સ્ત્રી

તે
પુસ્તકવાળી
સ્ત્રી

હિથર હેન્સન

ચિત્રો: ડેવિડ સ્મોલ

મારા લોકો અને હું -
અમે ઘણા ઉપર
રહીએ છીએ.
ખૂબ ઊંચે જ્યાં
કોઈને અમે ભાગ્યે
જ જોઈએ છીએ
સિવાય બાજ પક્ષી
અને વૃક્ષમાં
છુપાયેલા જીવ-
જંતુ.

મારું નામ કેલ છે,
અને હું પ્રથમ પણ નથી અને
છેલ્લો/નકામો પણ નથી.
પણ હું સૌથી મોટો છોકરો છું,
અને હું પપ્પાને મદદ કરી શકું
છું ખેડાણ સાથે
અને હું ઘેટાં લાવી શકું છું
જ્યારે તેઓ ભટકવા જાય છે.

અને હું ગાયને સાંજે ઘરે પણ લાવી
શકું છું, જે એકદમ ઉપયોગી છે,
કારણકે મારી બહેન લાર્ક
પુસ્તકના પાનામાં એનું નાક
સવારથી સાંજના અંધારા સુધી ખોસી
રાખે છે, જો મમ્મી પરવાનગી આપે
તો.
સૌથી વાંચનશીલ બાળક
તમે ક્યારેય જોયું છે -
પેપ (પાપા) એવું કહે છે.

હું નહિ.
મારો જન્મ આટલો સ્થિર બેસી રહીને
કોઈ ગૂંચવાડાભર્યા અક્ષરો તરફ એક
નજરે જોઈ રહેવા થયો ન હતો.
અને મને તે સહેજ પણ ગમતું નથી
જ્યારે લાર્ક શિક્ષિકાની ભૂમિકા ભજવે
છે—એક મિલિયન માઇલ દૂરની એક
જ શાળા, પાછી ખાડી નીચે.
અને લાર્ક પણ ભાગ્યે જ પાંખો ફેલાવી
અને ઉડીને જઈ શકે છે.
તો હવે તે લક્ષ્ય રાખે છે
અમને પોતે ભણાવવાનું
પણ હું, હું કોઈ વિદ્વાન છોકરો નથી.

એટલા માટે હું સૌથી પહેલા સાંભળું
છું માટી જેવી લાલ સોરેલ ઘોડીની
ક્લિપિટ્ટી -ક્લોપ (ઘોડીનો
ચાલવાનો અવાજ).
મને સૌથી પહેલા ખબર પડી જાય
છે કે સવાર માણસ નથી, પણ
બ્રીચેસ (ઘોડેસવારી માટે ઢીંચણ
સુધી લાંબુ પેન્ટ) પહેરેલી સ્ત્રી, જે
આખી દુનિયા જોઈ શકે.



'અલબત્ત આપણે તે અજાણ્યાનું સ્વાગત કરીયે
અને તે શક્ય તેટલી મૈત્રીપૂર્ણ છે,
અને ચટાકેદાર સ્હાની ચુસ્કીઓ પછી
તેણીએ તેની સેડલબેગ ટેબલ પર મૂકી
અને જે બહાર આવે છે કદાચ એ સોના જેટલું જ
સારું હશે - લાર્કની આંખો જે રીતે ચમકે છે.
તેના હાથ જે રીતે શાંત રહેતા નથી, એક ખજાનો
પકડવા માટે હાથ લંબાવવા તલપાપડ થતા હોય
છે.

હવે તે સ્ત્રી શું લાવે છે, એ મારે માટે
ચોક્કસ કોઈ ખજાનો નથી, પણ પુસ્તકો!
શું તમે માનશો?
તેણીએ પેક કરેલા પુસ્તકો જે એ પર્વતના
ઢાળ ચઢીને લાવી છે!
દિવસભરની કઠિન સવારી અને બધું જ વ્યર્થ,
મને લાગે છે.
કારણ કે જો તેણીનો હેતુ તેના પુસ્તકો
વેચવાનો હોય, બિલકુલ જૂના વાસણો
વેચનાર ફેરિયાની જેમ, જે ફરે છે વાસણો
અને તવાઓ સાથે, તો એક સીધી અને સરળ
હકીકત છે, આપણી પાસે અહીં કોઈ ગ્રીનબેક
નથી, ખર્ચવા માટે કોઈ ચમકતા સિક્કા નથી.
જૂના અને નકામા પુસ્તકો માટે તો નહીં જ.

સારૂં, પપ્પા, લાર્ક પર એક નજર
કરે છે અને તેનું ગળું સાફ કરે છે.
"એક વેપાર," તે કહે છે.
“એક બેરીનો ઝૂમખો
એક પુસ્તક માટે."
હું મારી પીઠ પાછળ મારા હાથની
બે મુઠ્ઠી વાળું છું.
મને બોલવાની ઈચ્છા થાય છે,
પણ હિંમત નથી .
આ એ જ ઝૂમખું છે જે મેં પાઇ માટે
પસંદ કર્યું હતું, પુસ્તક માટે નહીં.

આશ્ચર્યની વાત એ છે કે
તે સ્ત્રી માથું હલાવે છે.
તે બેરીનો ઝૂમખો, કે લીલા
શાકભાજી કે બીજી કોઈ વસ્તુ
નહીં લે, જેનો વેપાર કરવા માટે
પાપાએ કહ્યું.
આ પુસ્તકો મફત છે,
હવા જેટલા!
એટલું જ નહીં -
બે અઠવાડિયા પછી
તે ફરી આવશે.
આ પુસ્તકો બદલવા માટે!

હવે હું,
મને એકે વાતની પરવા નથી કે
તે પુસ્તક સ્ત્રી શું લાવી છે,
અથવા અમારા ઘરના
દરવાજાનો રસ્તો ભૂલી ગઈ
છે.
પણ અહીં તે આવશે
વરસાદ દરમ્યાન
અને ધુમ્મસ અને ઠંડી માં પણ.
તેની તે ઘોડી ચોક્કસ બહાદુર
હોવી જોઈએ,
મને લાગે છે.

એક સમય આવે છે જયારે
દુનિયા સફેદ થઈ જાય છે
દાદાની દાઢીની જેમ. તેજ પવન
ચીસો પાડે છે
જેમ બોબકેટ કરે છે
રાત્રિના અંધારામાં.
અમે અહીં બેઠા છીએ
તાપણાંની આસપાસ અને "કેમ
છો?" ના વિચાર વગર.
આવા બરફમાં જંગલી પ્રાણીઓ પણ
લપાઈ જતા હોય છે.

પણ હે ભગવાન! -
ટપ ટપ ટકોરા સંભળાય છે -
બારીના કાચ પર.
અને ત્યાં તે છે -
પગથી માથા સુધી ઢંકાયેલી!
અમને ઠંડીથી બચાવવા માટે
એ બારીની તિરાડમાંથી
પુસ્તકની આપ-લે કરે છે.
અને જ્યારે પાપા એને રાત
રોકાઈ જવાનું કહે છે, તો એ
માથું હલાવીને કહે છે, "મારો
ઘોડો મને ઘરે લઈ જશે."

હું થોડા સમયમાં માટે ઊભો રહીને એ
પુસ્તક સ્ત્રીને ઓઝલ થતા જોઉં છું.
અને મારા મગજમાં વિચારોનું ઘમસાણ
ચાલે છે, બહાર હવામાં ઉડતા બરફના
કણની જેમ.
હું અંદાજ લગાવું છું કે એ ઘોડી એકલી જ
બહાદુર નથી, પણ એની સવાર
પણ.
અને અચાનક મને એ જાણવાની તીવ્ર
ઉત્કંઠા થઈ આવે છે કે એ પુસ્તક સ્ત્રીને
માટે એવું શું છે કે એ શરદી લાગવાનું કે
એનાથી પણ વધારે ખરાબ પરિસ્થિતિનું
જોખમ ઉઠાવવા તૈયાર થાય છે.

હું શબ્દો અને ચિત્રોવાળું એક પુસ્તક પસંદ કરું છું, અને એને આગળ કરું છું.
"મને શીખવ કે તે શું કહે છે."
અને લાર્ક,
તે હસતી નથી.
અથવા તો ચીડવતી પણ નથી,
પણ મારે માટે સ્થાન બનાવે છે,
અને શાંતિથી, અમે વાંચવાનું શરુ કરીયે છીએ.

પાપા કહે છે કે ચિહ્નોમાં
લખેલું છે કે શિયાળો કેટલો
લાંબો કે ટૂંકો થશે.
આ વર્ષે સંકેતોએ ભવિષ્યવાણી
કરી હતી ઊંડા બરફની અને
શાશ્વત ઠંડીની.
અને છતાં પણ મોટાભાગના
દિવસોમાં ભલે આપણી સ્થિતિ
ખરીદેલા સાંકડા બૂટમાં દબાઈ
રહેલી આંગળીઓ જેવી તંગ
અને મર્યાદિત હોય, છતાં મને
એની કોઈ પરવા નથી."





જયારે વસંત નજીક આવે છે,
ત્યારે પુસ્તક સ્ત્રી થોડી વાર માટે
આવે છે.
અને મમ્મી ભેટ આપે છે -
એકમાત્ર કિંમતી વસ્તુ
તે આપી શકે છે -
બેરી પાઇ માટેની તેની રેસીપી,
જે ધરતીનો શ્રેષ્ઠ ખોરાક છે.
"મને ખબર છે, તમારી બધી
મહેનત માટે આ કંઈ બહુ નથી,"
મામા કહે છે.
અને પછી ગર્વથી તેનો અવાજ
ગંભીર થઈ જાય છે,
"અને એકમાંથી બે વાચકો
બનાવવા માટે. "

.

મેં માથું નમાવ્યું
અને મારા મનની વાત કહેવા માટે
છેલ્લા સમય સુધી રાહ જોઈ:
"કાશ કંઈક હોત જે
હું પણ તમને ભેટ આપી શકત."
તે પુસ્તક સ્ત્રી
મારી સામે મોટી કાળી આંખોથી
જોવા માટે ફરે છે.
"અહીં આવ, કેલ,"
તે ખરેખર સૌમ્યતાથી કહે છે,
અને હું નજીક આવું છું.
"મને કંઈક વાંચીને સંભળાવ."
હું મારી પાસે રાખેલ પુસ્તક ખોલું
છું, આજે જ એક નવું આવ્યું હતું..
ફક્ત ગરબડિયા અક્ષરો,
હું પહેલા વિચારતો હતો, પણ હવે
મને સમજાયું ખરેખર શું છે,
અને મેં થોડું વાંચ્યું.

"આટલી ભેટ પૂરતી છે,"
તે કહે છે,
અને એટલું મોટું સ્મિત
કરે છે કે હું પણ સામે
સ્મિત કરું છું.



લેખકની નોંધ

આ વાર્તા પેક હોર્સ ગ્રંથપાલોના સાચા અને હિંમતવાન કાર્યથી પ્રેરિત હતી, જેઓ કેન્ટુકીના એપાલાચિયન પર્વતોમાં "બુક વુમન" તરીકે જાણીતા હતા.

પેક હોર્સ લાઇબ્રેરી પ્રોજેક્ટની સ્થાપના ૧૯૩૦ના દાયકામાં રાષ્ટ્રપતિ ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટના વર્ક્સ પ્રોગ્રેસ એડમિનિસ્ટ્રેશનના ભાગ રૂપે કરવામાં આવી હતી જેથી દૂરના પ્રદેશોમાં પુસ્તકો પહોંચાડી શકાય જ્યાં થોડી શાળાઓ અને કોઈ પુસ્તકાલયો નહોતા. કેન્ટુકીની ટેકરીઓમાં, રસ્તાઓ ઘણીવાર ફક્ત ખાડીના પટ્ટાઓ અથવા ઉબડખાબડ રસ્તાઓ હતા. એક બુક વુમન દર બે અઠવાડિયે ઘોડા અથવા ખચ્ચર દ્વારા, તે મુશ્કેલ માર્ગ પર મુસાફરી કરતી હતી, સારા હવામાનમાં અને ખરાબ હવામાનમાં - પુસ્તકોનો ભાર લઈને. "હવાની જેમ મુક્ત" જે મળ્યું તેના માટે કૃતજ્ઞતા દર્શાવવા માટે, એક પરિવાર તેમની પાસે જે થોડું હતું તેમાંથી ભેટ આપી શકે છે: બગીચાના શાકભાજી, જંગલી ફૂલો, બેરી અથવા પેઢીઓથી પસાર થતી પ્રિય વાનગીઓ ની રેસિપી.

પેક હોર્સ લાઇબ્રેરિયનોમાં થોડા પુરુષો હોવા છતાં, નોકરીઓ મુખ્યત્વે સ્ત્રીઓ કરતી હતી, એવા સમયમાં જ્યારે મોટાભાગના લોકો માનતા હતા કે "સ્ત્રીનું કામ ઘરમાં છે." બુક વુમન તેમની સ્થિતિસ્થાપકતા અને તેમના સમર્પણમાં નોંધપાત્ર હતા. તેમને ખૂબ જ ઓછો પગાર મળતો હતો, પરંતુ તેઓ જે કરતા હતા તેના પર તેઓ ગર્વ અનુભવતા હતા: એપાલાચિયાના લોકો સુધી બહારની દુનિયા પહોંચાડવી, અને કેટલીકવાર એવા લોકોમાંથી વાચકો બનાવવા જેમણે ક્યારેય "ચિકન સ્ક્રેચ" નો વધુ ઉપયોગ જોયો ન હતો.

કેન્ટુકીમાં, ખાડીના પટ અને રસ્તાઓ આખરે રસ્તા બન્યા. ઘોડાઓ અને ખચ્ચરોએ આજે પણ અસ્તિત્વમાં રહેલા બુકમોબાઇલ્સને સ્થાન આપ્યું. દેશભરમાં, સમર્પિત ગ્રંથપાલો એવા લોકો સુધી પુસ્તકો પહોંચાડવાનું ચાલુ રાખે છે જેમને તેમની જરૂર હોય છે.

હવે તે સ્ત્રી શું લાવે છે
ચોક્કસ કોઈ ખજાનો નથી,
મારે માટે નહીં,
પણ પુસ્તકો!
શું તમે માનશો?
તેણીએ પેક કરેલા પુસ્તકોનો મોટો જથ્થો
પર્વતના ઢોળાવ પરથી!
દિવસની મુશ્કેલ સવારી
અને બધું વ્યર્થ,
મને લાગે છે.